તારીખ - 16/3/2019.

ક્રમાંક : માધ્ય./તબીબી સારવાર/૨૦૧૮-૧૯/૭૯૬૮-૮૦૦૦

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા.,ગાંધીનગર.
તા. ૧૬/૦૩/૨૦૧૯

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય : તબીબી સારવાર ખર્ચ મંજુર કરવા અંગેની દરખાસ્ત રજુ કરવા માટેની માર્ગદર્શક સુચનાઓ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની ગ્રાંટ ઇન એઇડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા તથા નિવૃત્ત થયેલ કર્મચારીઓના તબીબી સારવાર ખર્ચ મંજુર કરવા અંગેની દરખાસ્તો અત્રે રજુ કરવામાં આવે છે. અનુભવે જણાયેલ છે કે, મોટા ભાગની દરખાસ્તો વ્યવસ્થિત રીતે રજુ કરેલ ન હોવાના કારણે વાંધા સહિત પરત મોકલવી પડે છે. વાંધાઓની પણ માંગ્યા મુજબ પૂર્તતા ન થતી હોઇ પુનઃ વાંધા આપવા પડે છે. જેના લીધે તબીબી સારવાર ખર્ચ મંજુર થવામાં વિલંબ થાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે દરખાસ્ત રજુ કરવા માટે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

૧) કર્મચારીની સારવાર પૂર્ણ થયા બાદ નિયત થયેલ ૦૬ માસના સમયગાળામાં પરંતુ સત્વરે શાળાએ જિલ્લા શિક્ષણ કચેરીને તથા જિલ્લા શિક્ષણ કચેરીએ અત્રે દરખાસ્ત રજુ કરવી.

૨) જિલ્લા શિક્ષણ કચેરીએ ફોરવડીંગ લેટરમાં વ્યવસ્થિત વિગતો દર્શાવી દરખાસ્ત રજુ કરવી. અત્રેથી વાંધો આપવામાં આવેલ હોય તો વાંધા પત્રની નકલ ફોરવડીંગ લેટર પાછળ જ રજુ કરવી.

૩) બિન સરકારી ગ્રાંટ ઇન એઇડ શાળાના કર્મચારીઓની તબીબી સારવાર ખર્ચની મંજુરી મેળવવાનું ચેકલીસ્ટ ( ૩૧ અથવા ૨૭ કોલમ ) રજુ કરવુ.

૪) તબીબી સારવાર ખર્ચ/પેશગી મંજુરી મેળવવાની દરખાસ્ત (૧૩ કોલમ ) રજુ કરવી.

૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૩/૧૦/૨૦૧૭થી નિયત થયેલ નમુના મુજબનું ચેકલીસ્ટ ( કોલમ નં ૨૦) રજુ કરવુ.

દા-૧
શાળાઓને જાણ તથા અમલવારી સારુ જણાવીએ

18/3

Scanned by CamScanner

Scanned by CamScanner

૬) નિયત સમયમર્યાદા ૦૬ માસમાં રજુ થયેલ દરખાસ્તના આધાર તરીકે શાળાએ પ્રથમવાર ડી.ઓ. કચેરીમાં રજુ કરેલ ઇન્વર્ડ નં./તા. સાથેના શાળાના ફોરવડીંગ લેટરની નકલ સામેલ રાખવી.

૭) કર્મચારી મંજુર થયેલ મહેકમ મુજબના, પુરા પગારધોરણના તથા સીધા પગાર યોજના હેઠળ પગાર મેળવતા કર્મચારી છે/હતા તે મતલબનું શાળાએ પ્રમાણપત્ર રજુ કરવુ.

૮) કર્મચારી સંબંધમાં આપવાના થતા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પ્રમાણપત્રો રજુ કરવા.

૯) નિવૃત્ત હોય તો પી.પી.ઓ.ની નકલ રજુ કરવી.

૧૦)કર્મચારી તબીબી ભથ્થુ રોકડમાં મેળવે છે કે કેમ ? તે મતલબનું શાળાનું પ્રમાણપત્ર રજુ કરવુ. અગર કર્મચારીએ પોતાના કે આશ્રિતના કેસમાં ગંભીર પ્રકારના રોગને લક્ષમાં લઇ અધવચ્ચેથી તબીબી ભથ્થુ વિકલ્પ બદલેલ હોય તો પરિશિષ્ટ ૧(ક) નિયમ ૧૮.૨ મુજબ સામેલ રાખવુ.

૧૧) કર્મચારીના આશ્રિતનો કેસ હોય તો – આશ્રિતની ઉપાર્જીત કે અનુપાર્જીત માસિક આવક રૂ. ૫૦૦/- થી વધતી નથી. તેવો શહેરી વિસ્તાર હોય તો મામલતદારશ્રી અને ગ્રામ્ય વિસ્તાર હોય તો તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા મેળવેલ આવકનો દાખલો રજુ કરવો. ઉપરાંત રેશનકાર્ડની નકલ રજુ કરવી.

૧૨) કર્મચારીએ તબીબી સારવાર ખર્ચની રકમ મેડીકલેઇમ કે અન્ય વિમા કંપની દ્વારા મેળવેલ નથી. તે મતલબનું કર્મચારીનું રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર અસલ એફીડેવિટ રજુ કરવુ.

૧૩) પરિશિષ્ટ -૨ ( અનુસુચિ-૧) માં સંપૂર્ણ વિગતો ભરવી. જો સરકારશ્રી દ્વારા એમ્પેનલ્ડ હોસ્પિટલમાં સારવાર મેળવેલ હોય તો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવના નિયમ ૫.૨ મુજબ તબીબી સારવાર ખર્ચના રીએમબર્સમેન્ટ માટે જિલ્લાના મુખ્ય જિલ્લા અધિકારી સહ સિવિલ સર્જન/ નિવાસી તબીબી અધિકારી દ્વારા નિયત કરેલ પરિશિષ્ટ -૨ માં સારવાર તથા પેકેજ રેટ પ્રમાણિત કરીને પ્રતિસહી કરાવવી ફરજીયાત રહેશે. ( પ્રતિસહી મુજબની રકમ આંકડા તથ શબ્દોમાં દર્શાવવી)

૧૪) અંદરના દર્દી તરીકે જો હોસ્પિટલમાં સારવાર મેળવેલ હોય તે હોસ્પિટલનું કિલીનીક હીસ્ટ્રી સાથેનું અસલ ડીસ્ચાર્જ સમરી કાર્ડ રજુ કરવુ.

૧૫) દવાની અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ક્રમશઃ તારીખવાર યાદી બનાવી રજુ કરવી.

| ક્રમ | સ્ટોરનું નામ | બિલ નં./તા. | દવાનું નામ | જથ્થો | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

Scanned by CamScanner

૧૬) દવાઓનો ખર્ચ, લેબોરેટરી ટેસ્ટ ખર્ચ, ઓપરેશન ખર્ચ ઇત્યાદી ખર્ચનું હકદાવા પ્રમાણેની રકમનું ટોટલ લગાવી વ્યવસ્થિત પત્રક રજુ કરવુ.

૧૭) સારવાર અંગે થયેલ ખર્ચ પ્રમાણેના સંબંધિત હોસ્પિટલના તમામ બિલો હોસ્પિટલના સહી-સિક્કા સહિત અસલમાં રજુ કરવા.

૧૮) દરખાસ્તમાં રજુ કરેલ ક્રમ નં ૩, ૪ તથા ૫ મુજબના ચેકલીસ્ટ પછીના ક્રમ નં ૬ મુજબના દસ્તાવેજને દરખાસ્તનું પ્રથમ પેજ ગણી પેજ નં ૧,૩,૫,૭................ બિલો સહિત એમ એકી સંખ્યામાં જ દરેક ડોક્યુમેન્ટ ઉપર પેજ નંબર આપવા.

૧૯) દરખાસ્તના અંતમા અત્રેની કચેરીના રેકર્ડ ઉપર રાખવા સારૂ ક્રમ નં (૩), (૪) (૫) મુજબના ચેકલીસ્ટ, ક્રમ નં (૬) શાળાના ફોરવર્ડીંગ લેટરની નકલ તથા પરિશિષ્ટ -ર ( અનુસુચિ-૧) નો બીજો સેટ પણ સામેલ રાખવો.

૨૦) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૮/૦૩/૨૦૧૬ ના ઠરાવક્રમાંક : એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ.૧ માં ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો-૨૦૧૫માં સુધારા/ઉમેરા આ જ વિભાગના તા. ૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવથી લાગુ પાડવામાં આવેલ છે. જેમાં (૩) નિયમ ૧૧.૧(અ), (૪) નિયમ (૧૧.૧) બ.૧, (૫) નિયમ (૧૧.૧) બ.૨ તથા ( ૮) નો અભ્યાસ કરી અત્રે દરખાસ્ત રજુ કરવાની રહેશે.

કર્મચારીની તબીબી સારવારની દરખાસ્ત ઉક્ત ક્રમ પ્રમાણે જ પધ્ધતિસર રીતે રજુ કરવાની રહેશે. ઉક્ત વિગતે સુચવ્યા મુજબ રજુ ન થયેલ દરખાસ્તને અત્રેથી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આથી આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સુચનાઓનો વારંવાર ભંગ થતો જણાશે તો તે અંગેની અત્રેથી ગંભીર નોંધ લેવામાં આવશે. આ માર્ગદર્શક સુચનાઓની અમલવારી માટે દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તાબાની શાળાઓમાં સુચનાઓ જારી કરવાની રહેશે.

નોંધ ઉપર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર.

સંયુકત શિક્ષણ નિયામક( માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.

Scanned by CamScanner